# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-12-2024 Day : Monday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## વિજય દિવસ - પીએમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજય દિવસના અવસર પર કહ્યું કે આ દિવસે વર્ષ 1971માં ભારતની ઐતિહાસિક જીતમાં યોગદાન આપનારા બહાદુર સૈનિકોની હિંમત અને બલિદાનનું દેશ સન્માન કરે છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રીમોદીએ કહ્યું કે સૈનિકોના નિઃસ્વાર્થ સમર્પણ અને અતૂટ સંકલ્પે દેશનું રક્ષણ કર્યું અને ગૌરવ અપાવ્યું. સૈનિકોનું બલિદાન આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિજય દિવસના અવસર પર ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને બલિદાનને નમન કર્યું છે.

---------------------------------------------------------------------------------

## પ્રવાસનમંત્રી- મુળુભાઈ બેરા રક્ષકવન

રાજ્યના પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે રક્ષકવન ખાતે સોવેનિયર શોપ અને કેન્ટીનનું ઉદ્ઘાટન કરાયું હતું. વર્ષ 1971ના ભારત - પાકિસ્તાન યુદ્ધ દરમ્યાન ભુજ એરપોર્ટના થયેલાં નુકસાનની ઝડપી મરંમત માટે માધાપરની વીરાંગનાઓએ પોતાના જાનની પરવા કર્યા વગર દિવસ - રાત મહેનત કરીને રનવે રિપેરિંગમાં અભૂતપૂર્વ યોગદાન આપીને પોતાની શૌર્યતા અને દેશભક્તિ દર્શાવી હતી, જે થીમ ઉપર રક્ષકવનનું નિર્માણ વન વિભાગ દ્વારા કરવામાં આવેલું છે. નવનિર્મિત સોવેનિયર શોપમાં કચ્છ જિલ્લાની ભાતિગળ સંસ્કૃતિનાં દર્શન કરાવતા ભરતકામ અને વિવિધ હસ્તકલા વસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્ટીનમાં નાસ્તાની સાથે ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું મધ અને અન્ય આયુર્વેદિક દવાઓ પણ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આજ સુધીમાં રક્ષકવનમાં લગભગ 7 લાખ 25 હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત માણી છે.

---------------------------------------------------------------------------------------------------

## મુખ્ય ચૂંટણી કમિશ્નર – ધોળાવીરાની મુલાકાત

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કચ્છ જિલ્લામાં આવેલ વિશ્વ વિરાસત સ્થળ ધોળાવીરાની મુલાકાત લીધી હતી.

તેમણે પાંચ હજાર વર્ષ જૂની સિંધુ ખીણની સંસ્કૃતિ દરમિયાનની જીવન શૈલી તેમજ પાણી વ્યવસ્થા વિશે માહિતી મેળવી મળી આવેલા અવશેષોનુ નિરીક્ષણ કર્યું હતું અને મ્યુઝિયમ ખાતેની અલભ્ય ચિત્ર પ્રદર્શનિની મુલાકાત લીધી હતી. તેમણે હડપ્પન યુગની ભાષા તથા ઓજારોની પણ જાણકારી મેળવી હતી. ચૂંટણી કમિશ્નરે રોડ ટુ હેવન , રણ દર્શન, સંધ્યા દર્શન તથા ફોશિલ્સ સાઈટ પણ નિહાળી હતી.

---------------------------------------------------------------------------------------------------

## અવસાન – ઝાકિર હુસેન

મહાન તબલાવાદક ઝાકિર હુસૈનનું ગઈકાલે રાત્રે અમેરિકામાં 73 વર્ષની વયે અવસાન થયું છે. ઉસ્તાદ ઝાકિર હુસૈન પ્રખ્યાત તબલાવાદક અલ્લા રક્ખાના સૌથી મોટા પુત્ર હતા. તેમનો જન્મ નવ માર્ચ 1951ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ ઘણી નાની વયથી જ સંગીત તરફ આકર્ષિત થઈ ગયા હતા. છ દાયકાની કારકિર્દીમાં તેમણે વૈશ્વિક સ્તરે પાંચ ગ્રેમી પુરસ્કાર જીત્યા હતા.

ઝાકિર હુસૈનને વર્ષ 1988માં દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનમાંથી એક પદ્મશ્રી, વર્ષ 2002માં પદ્મ ભૂષણ અને વર્ષ 2023માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરાયા હતા.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતના મહાનુભાવોએ શ્રી હુસૈનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

---

## અકસ્માત – લખપત પવનચક્કી

લખપત તાલુકાના ઘડુલી નજીક ગત મોડી રાત્રિના બનેલા માર્ગ અકસ્માતના બનાવમાં હાઇવે માર્ગ પર ઉભેલા પવનચક્કીના લાંબા ટ્રેલર પાછળ બાઈક ઘૂસી જતા બાઈક પર સવાર બંને લોકોના મોત નીપજ્યા હતા. દયાપર અને જુનાચાય ગામના યુવકોના કરુણ મોત નિપજતા પરિવાર સાથે ગ્રામજનોમાં ભારે શોકની લાગણી છવાઈ જવા પામી છે. રાત્રીના સમયે સ્નેહીજનો દયાપર હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા , જોકે બન્ને યુવકોના સારવાર મળે તે પહેલાજ મૃત્યુ થયા હતા. દયાપર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## હવામાન

જિલ્લામાં લઘુતમ તાપમાનમાં વધારા સાથે ઉતરાદા બર્ફિલા પવનોની ઝડપમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જો કે , હવામાન વિભાગે કાતિલ ઠંડીનો દોર યથાવત રહેવાની આગાહી કરી છે. આજે નલિયામાં ન્યુનતમ ઉષ્ણતામાન 7.8 ડિગ્રી રહ્યું હતું. ભુજમાં 11.6 ડિગ્રી અને કંડલામાં 14 ડિગ્રી ન્યુનતમ ઉષ્ણતામાન નોંધાયું હતું. ઠાર પ્રભાવક રહેતા હરવા ફરવાના સ્થળો પર લોકોની હાજરી પાંખી જોવા મળી હતી. હાઈવે અને ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિ ફરજ બજાવતા કર્મીઓએ તાપણા કરી ઠંડીથી રાહત મેળવી હતી.

---------------------------------------------------------------------------------------

## વાગડ વિસ્તાર – વિદેશી પક્ષીઓ

કચ્છમાં હાલ ચાલી રહેલી ફુલ ગુલાબી ઠંડીમાં દેશ વિદેશના યાયાવર પક્ષીઓ શિયાળામાં પ્રજનન કરવા માટે આવી ઈંડા સેવી બચ્ચા મોટા કરવા માટે આવી રહ્યા છે. જેમાં વાગડ વિસ્તારના રણકાંઠાના ખડીરના ધોળાવીરા , અમરાપર, લોદ્રાણી કુડા તથા શિરાનીવાંઢ, બાલાસર, નર્મદા કેનાલ પાસે આવેલા તળાવો તથા ખાબોચિયામાં ફલેમિંગો પેણ કુંજ સહિતના પ્રવાસી યાયાવર પક્ષીઓના કલરવાથી વાતાવરણ ગુંજી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------